# ગુજરાત જાહેર સેવા આયોગ

*સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦*

*ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦* ***Web Site :*** **https://gpsc.gujarat.gov.in**

જાહેરાત ક્રમાંક: **૫/૨૦૨૬-૨૭** : ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ની નીચે દર્શાવેલ કુલ–૭૧ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **http://gpsc-ojas.gujarat.gov.in** પર **તા- ૦૨/૦૪/૨૦૨૬ (૧૩-૦૦ કલાક) થી તા-૧૬/૦૪/૨૦૨૬ (૨૩-૫૯ કલાક)** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

- ❖ જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- ❖ પ્રાથમિક કસોટીમાં હાજર રહેવા માટે સમંતિ (consent) તથા Consent Deposit અન્વયે હવે પછી વિગતવાર સૂચના પ્રસિદ્ધ કરવામાં આવશે.

– પ્રિલિમિનરી પરીક્ષા: **તા-૦૭/૦૬/૨૦૨૬** ના રોજ યોજવામાં આવશે.

– મુખ્ય (લેખિત) પરીક્ષા (સંભવત): **તા-૦૫ થી ૧૦ ઓક્ટોબર-૨૦૨૬** માં યોજવામાં આવશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જનજાતિ | દિવ્યાંગ | માજી સૈનિક |
| **વર્ગ-૧** | | | | | | | | | | | | | | |
| ૧ | ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | નાયબ પોલીસ અધીક્ષક (બિન હથિયારી) | ૦૮ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૩** | **૦૬** | **૦૩** | **૦૩** | **૦૦** | **૦૧** | **૦૨** | **૦૦** | **૦૧** | **૦૦** | **૦૦** | **૦૦** | **૦૦** |
| **વર્ગ-૨** | | | | | | | | | | | | | | |
| ૩ | સરકારી શ્રમ અધિકારી | ૧૩ | ૦૪ | ૦૧ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૪ | મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) | ૦૭ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ) | ૧૧ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૭ | મદદનીશ નિયામક (અન્ન નાગરિક અને પુરવઠા) | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | સહાયક માહિતી નિયામક (વહીવટ) | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | નગરપાલિકા મુખ્ય અધિકારી | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | | ૫૮ | ૨૪ | ૦૫ | ૧૬ | ૫ | ૦૮ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |

૧) સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ), વર્ગ–૨ સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટે પ્રથમ ભરતી પ્રસંગ અન્વયેની ૦૧ જગ્યા અંધત્વ અને ઓછી દ્રષ્ટીની ખામી ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત છે.

**નોંધ:- પ્રસ્તુત દિવ્યાંગ અનામત જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો આવી જગ્યા પ્રવર્તમાન નિયમોનુસાર ભરવામાં આવશે. દિવ્યાંગ માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/ અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વર્ગ /આ.પ.વ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.**

**૧. દિવ્યાંગ ઉમેદવારો માટે**

(૧) કોષ્ટક–૦૧ માં દર્શાવેલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જે–તે જગ્યાના દિવ્યાંગતાના ઠરાવને આધિન જ અરજી કરવા પાત્ર છે :

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **૧-અંધત્વ /ઓછી દ્રષ્ટિ** | **૨-શ્રવણની ખામી** | **૩- મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ** | **૪-સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી ૫-બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ** |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, OAL, BL, BA, CP, LC, AAV, Dw, SD, SI | SLD, ASD (M), ID, MI, MD |
| ૨ | નાયબ પોલીસ અધીક્ષક (બિન હથિયારી) | - | - | - | - |
| ૩ | સરકારી શ્રમ અધિકારી | LV (40-70 %) | HH (40-70 %) | OA, OL, OAL, BA*, BL*, CP, LC, AAV, Dw, SD, SI | SLD, MI (40-70%), MD (40-70%) |
| ૪ | મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) | B, LV (40-70 %) | D, HH (40-70 %) | OA, OL, BL@, BA@, OAL, LC, CP, Dw, AAV, SD, SI | SLD, ASD (M), MI, MD, ID |
| ૫ | અધીક્ષક, નશાબંધી અને આબકારી | - | HH (40-70 %) | AAV | SLD |
| ૬ | સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ) | B, LV (40-70 %) | HH (40-70 %) | OA, BA, OL, LC, CP, Dw, AAV, SD#, SI# | SLD, MI (40-70%), MD (40-70%) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (વહીવટ) | B, LV (40-70 %) | D, HH (40-70%) | OA, OL, OAL, BL%, BA%, [illegible], LC, AAV, Dw, MDy, SD, SI | MI, MD |
| ૯ | નગરપાલિકા મુખ્ય અધિકારી | LV (40-70 %) | -- | OA, OL, Dw, LC, AAV, BA&, BL&, SD&, SI& | SLD, MD (40-70%) |
| B=Blind, LV=Low Vision, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL/OLA =One Arm & One Leg, BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack Victims, SLD- Specific Learning Disability, MI- Mental illness, MD- Multiple Disabilities, MDy-Muscular Dystrophy, ASD- Autism spectrum disorder, D-Deaf, BA-both arm, SD-Spine Deformity, SI-Spine Injury, ID-Intellectual Disability, (M-Mild, Mod-Moderate). | | | | | |

**ઉપર્યુક્ત દિવ્યાંગતાનો દર્શાવેલ પ્રકાર દિવ્યાંગતાના સંબંધિત ઠરાવને આધીન નિયત થયેલ છે.**

* સરકારી શ્રમ અધિકારી, વર્ગ-૨ સંવર્ગના વિભાગના તા.૨૨/૦૨/૨૦૨૩ ના ઠરાવ મુજબ BA, BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક "બંને હાથ અને બંને પગની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કૃત્રિમ અવયવની મદદ સાથે કે તેના વિના સામાન્ય વ્યક્તિની જેમ હલન ચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવા જોઇએ", તે મુજબની શરતોને આધીન રહેશે.

**@** મદદનીશ જીલ્લા રજિસ્ટ્રાર, વર્ગ-૨ (સહકારી મંડળીયો) સંવર્ગના માંગણીપત્રકના કોલમ-૪(સી)(અ) મુજબ BA, BL પ્રકારની દિવ્યાંગતાના પ્રકાર સંદર્ભે both arm and both leg પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પરીક્ષા માટે માન્ય રાખવામાં આવશે. પરંતુ આ સંવર્ગ માટે આખરી નિમણૂક આપવાની બાબત મેડીકલ બોર્ડના અભિપ્રાયના આધારે વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે.

**#** સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ સંવર્ગના માન્ય દિવ્યાંગતાના ઠરાવ મુજબ SD અને SI અન્વયે Spinal Deformity (SD) and Spinal Injury (SI) with any associated neurological/limb dysfunction ના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઈને સંબંધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ કરવાનો રહેશે. દા.ત. એક હાથ નિષ્ક્રિય હોય તો OA અને એક પગ નિષ્ક્રિય હોય તો OL પ્રકારમાં સમાવેશ થયેલો ગણવામાં આવશે.

**$** મદદનીશ નિયામક, વર્ગ-૨ (અન્ન અને નાગરિક પુરવઠા) વિભાગના તા.૨૫/૧૧/૨૦૨૪ ના ઠરાવ મુજબ BA-બંને હાથની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ ફરજ બજાવવા સક્ષમ હોવા જોઇશે", આવા ઉમેદવાર લેખિત પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં ઉતીર્ણ થાય ત્યાર બાદ જે તે સંવર્ગની ફરજોના સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડીકલ બોર્ડના અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂક માટે લાયક કે ગેરલાયક છે તે વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે.

% સહાયક માહિતી નિયામક (વહીવટ), વર્ગ-૨ સંવર્ગના વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૪ ના ઠરાવ મુજબ BA-બંને હાથની અથવા BL-બંને પગની પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ ફરજ બજાવવા સક્ષમ હોવા જોઇશે", આવા ઉમેદવાર લેખિત પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં ઉતીર્ણ થાય ત્યાર બાદ જે તે સંવર્ગની ફરજોના સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડીકલ બોર્ડના અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂક માટે લાયક કે ગેરલાયક છે તે વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે.

SD અને SI અન્વયે Spinal Deformity (SD) and Spinal Injury (SI) with any associated neurological/limb dysfunction ના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઈને સંબંધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ કરવાનો રહેશે. દા.ત. એક હાથ નિષ્ક્રિય હોય તો OA અને એક પગ નિષ્ક્રિય હોય તો OL પ્રકારમાં સમાવેશ થયેલો ગણવામાં આવશે.

**&** નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ-૨ સંવર્ગના વિભાગના તા.૧૦/૧૨/૨૦૨૪ ના ઠરાવ મુજબ કોઈ પણ પ્રકારના neurological અંગોની નિષ્ક્રિયતા વિના કરોડરજ્જૂની વિકૃતિ (SD)/કરોડ રજ્જૂની ઈજા (SI) ધરાવતા વ્યક્તિઓનો હલનચલનની દિવ્યાંગતા (locomotor Disability) હેઠળ સબ કેટેગરી Spinal Deformity (SD) and Spinal Injury (SI) માં સમાવેશ કરવાનો રહેશે. તથા neurological નિષ્ક્રિયતા સાથે કરોડરજ્જૂની વિકૃતિ (SD)/કરોડ રજ્જૂની ઈજા (SI) ધરાવતા વ્યક્તિઓ માટે જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઈ હલનચલનની દિવ્યાંગતા (locomotor Disability) સંબંધિત પેટા પ્રકાર અંતર્ગત સમાવેશ કરવામાં આવશે.

હલનચલનની દિવ્યાંગતા (locomotor Disability) હેઠળ BA-બંને હાથની અને BL-બંને પગની પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓની નિમણૂંક બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૯/૦૬/૨૦૨૩ના ઠરાવની જોગવાઇઓ તથા શરતો ધ્યાને લેવાની રહેશે.

હોય તેવા ઉમેદવારોને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવાર અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે:
(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ, (૨) બધિર અને ઓછું સાંભળનાર, (૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ, (૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી, (૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.
(ખ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.
(ગ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક: HFWD/MSME/e-file/7/2024/1833/A થી દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર અંગે ભારત સરકારના તા.૧૫/૦૬/૨૦૧૭થી પ્રસિદ્ધ કરવામાં આવેલ The Rights of Persons With Disabilities Rules, 2017 ના Chapter-VII(Certificate of Disability) અનુસાર નિયત કરવામાં આવેલ (Form-V, VI,VII) "દિવ્યાંગતા પ્રમાણપત્ર"ને માન્ય રાખવામાં આવશે અને પ્રસ્તુત દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે Chapter-VII(Certificate of Disability) ના (Form-IV) મુજબ અરજી કરવાની રહેશે. આથી, હવે આ પ્રકારનુ દિવ્યાંગતા પ્રમાણપત્ર જ માન્ય રાખવામાં આવશે. જે પરિપત્ર માટે આ લિંક પર ક્લિક કરો https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/PwD_Disability_Certificate_15122025c.pdf
જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.
(૨) દિવ્યાંગ તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વર્ગ/આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.
(૩) આયોગના તા– ૦૯/૦૮/૨૦૧૬ ના કચેરી હુકમની જોગવાઇને ધ્યાને લઇ અરજી કર્યા તારીખ બાદ જો કોઇ ઉમેદવાર દિવ્યાંગ બને અને તે અંગે જરૂરી દસ્તાવેજો/પૂરાવાઓ રજૂ કરે તો જાહેરાતના તે તબક્કાથી ઉમેદવારને દિવ્યાંગ તરીકેના લાભ/છૂટછાટ મળવા પાત્ર રહેશે.
(૪) બેંચમાર્ક દિવ્યાંગતા ધરાવતા લહિયા મળવાપાત્ર હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને પ્રિલિમિનરી અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપર દીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય (COMPENSETORY TIME) મળવાપાત્ર છે. જેની પૂર્વ મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ દ્વારા નિયત કરવામાં આવેલ સમયગાળા દરમિયાન મેળવી લેવાની રહેશે.

**૨. લઘુત્તમ શારીરિક માપ :**

| ક્રમ | વિગત | ઉંચાઈ (સેં.મી.) | છાતીનું માપ (સે.મી.) | | | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | | | ફુલાવ્યા વગર (સે.મી.) | ફુલાવેલ છાતીનું (સે.મી.) | ફુલાવેલ છાતીનું પ્રમાણ (સે.મી.) | |
| ૧ | **નાયબ પોલીસ અધીક્ષક, વર્ગ-૧** | | | | | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે (મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિ સિવાયના) | ૧૬૫ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૨ | મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે (મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિ સિવાયના) | ૧૫૮ | – | – | – | ૪૫ |
| ૪ | મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | – | – | – | ૪૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | જનજાતિ સિવાયના) | | | | |
| ૨ | મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૭૭ | ૮૨ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે (મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિ સિવાયના) | ૧૫૮ | – | – | – | ૪૫ |
| ૪ | મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | – | – | – | ૪૫ |

**નીચે મુજબની શારીરિક ક્ષતિ ધરાવતા ઉમેદવારો અધીક્ષક, નશાબંધી અને આબકારી, વર્ગ-૨ સંવર્ગ માટે પાત્ર ગણાશે નહિ.**

(1) Knock knee (2) Pegion chest (3) Squint eye (4) Flat feet (5) Varicose Veins, (6) Hammer tees (7) Fractured limb (8) Decayed Teeth (9) Communicable or (10) skin disease

પસંદગી પામેલ ઉમેદવારો આ સંદર્ભે વિભાગના તા. ૦૩/૧૧/૨૦૦૯ તથા તેમાં વખતોવખત થયેલ સુધારા ભરતી નિયમોની અન્ય તમામ લાયકાત સંતોષતા હોવાને આધીન સદર સંવર્ગમાં નિમણૂકને પાત્ર બનશે.

(૨) ઉમેદવારની નિમણૂક સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ બાદ ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ ની જોગવાઇ મુજબ મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવતા Physical fitness Certificate ને આધિન રહેશે.

**૩. શૈક્ષણિક લાયકાત :**

(૧) પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ–૧૯૫૬ના સેકશન –૩ હેઠળ યુનિ. તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ લાયકાત સંબંધિત ભરતી નિયમોની જોગવાઈ હેઠળ ધરાવતા હોવા જોઈએ.

(૨) અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરીણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે. મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવેલ હોય તેવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પુરાવા મોકલવા ફરજિયાત છે.

(૩) જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજુ કરી શકશે નહિ તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ.

(૪) જે ઉમેદવારોએ એમ.બી.બી.એસ.ની અથવા અન્ય કોઈ તબીબી શાખાની પરીક્ષા પાસ કરી હોય અને તેઓએ મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરતી વખતે ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ન હોય તો આવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું તેઓએ તબીબી પરીક્ષા પાસ કરેલ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તેઓને મુખ્ય પરીક્ષામાં શરતી પ્રવેશ આપવામાં આવશે.પરંતુ આવા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત સમયે અસલ પદવી પ્રમાણપત્ર અથવા યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું - પદવી પ્રમાણપત્ર મેળવવાની બધી જરૂરીયાતો (ઈન્ટર્નશીપ પૂરી થયા સહિત) ઉમેદવાર પૂર્ણ કરે છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૪. નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા

જોઈએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૫. વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૬/૦૪/૨૦૨૬ના રોજ ગણવામાં આવશે.

(૨) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પૂરા કરેલા હોવા જોઇએ અને ૩૫ વર્ષ પૂરા કરેલ ન હોવા જોઇએ.

(૩) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૫ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

* અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

## ૬. જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............ છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૭. અરજીપત્રક:-

(૧) બિન અનામત વર્ગના ઉમેદવારોએ , જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર ગુજરાત રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહીં પણ તેઓ અનામત કક્ષાના ઉમેદવારો છે તે બાબતનો જરૂરી પૂરાવો રજૂ કરવાનો રહેશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને આયોગે નિયત કરેલ માપદંડ મુજબ જો કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોએ મુખ્ય (લેખિત) પરીક્ષા માટે આયોગ દ્વારા સૂચના મળ્યેથી ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, બિન અનામત કક્ષાનાં ઉમેદવારોએ જરૂરી ફી ભરી જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ "https://gpsc-iass.gujarat.gov.in" પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે અને નિયત ફી ભરવાની રહેશે. હાલ કોઈ ઉમેદવારોએ અરજીપત્રક કે પ્રમાણપત્રો મોકલવા નહીં.

## ૮. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

**અગત્યની નોંધ:** પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર (NCLC)/આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના પ્રમાણપત્રો મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ પ્રમાણપત્રો માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે અરજીપત્રક ભર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–ક' મુજબનું અથવા તા.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫ /૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે, **પરંતુ આવું પ્રમાણપત્ર ('પરિશિષ્ટ-૪' અથવા 'પરિશિષ્ટ-ક') મુખ્ય પરીક્ષાના ફોર્મ તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ અથવા જાતિ પ્રમાણપત્રો અપલોડ કરવા આયોગ જે તારીખ નક્કી કરે ત્યાં સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ. જેનો સમયગાળો હવે પછી નિયત કરવામાં આવશે તથા તે સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.**

(૬)(ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં. **આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ અથવા જાતિ પ્રમાણપત્રો અપલોડ કરવા આયોગ જે તારીખ નક્કી કરે ત્યાં સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવુ જોઈશે. જેનો સમયગાળો હવે પછી નિયત કરવામાં આવશે તથા આ સમયગાળા મુજબનુ પ્રમાણપત્ર હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.** (નમૂનો જોવા માટે આ લિંક પર ક્લિક કરો.https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-9-3_655.pdf)

(૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

વધુમાં આ સંદર્ભે જો કોઇ ઉમેદવાર બિન અનામત સિવાયની કેટેગરીમાં અરજી કરે પરંતુ આયોગ દ્વારા માંગણી થયા બાદ પણ જરૂરી પ્રમાણપત્રો રજૂ કરી શકે નહીં તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇ પણ છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાની મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે ઉમેદવારને બિન અનામત વર્ગનો ગણવામાં આવી શકે છે. પરંતુ કોઇપણ ઉમેદવાર જો બિન અનામત તરીકે અરજી કરશે તો તેની કેટેગરી અરજી ચકાસણી કે અન્ય કોઇ તબક્કે બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

## ૯. માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023 /5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

મળેલ નિવૃતિ ઓર્ડર (જે એડવાન્સમાં આપે છે) અથવા તે મુજબનુ કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ–૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

(૬) પ્રસ્તુત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ જો નિયત માપદંડ પ્રમાણે લાયક માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય ઉમેદવારથી ભરવામાં આવશે.

**૧૦. મહિલા ઉમેદવાર**

(૧) મહિલાઓની  અનામત જગ્યાઓ માટે જો નિયત માપદંડ પ્રમાણે યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને  ફાળવી શકાશે.

**૧૧. વિધવા ઉમેદવાર**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું  અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે તથા સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોય

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે. જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**૧૨. ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ(Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) મુખ્ય પરીક્ષાની અરજી કરતા સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

(૧) પરીક્ષાની રૂપરેખા: સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

**(એ) પ્રિલિમિનરી પરીક્ષા** (objective type) **:** મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા અને

**(બી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત):** નિશ્ચિત જગ્યાઓ માટે આખરી પસંદગી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ ના (મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ (પ્રશ્નપત્ર–૩ થી ૭) + રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ ) આધારે કરવામાં આવશે.

**(એ) પ્રિલિમિનરી પરીક્ષા** (objective type) **: (માધ્યમ: ગુજરાતી અને અંગ્રેજી)**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | સામાન્ય અભ્યાસ | ૨૦૦ ગુણ | ૩ કલાક |
| | કુલ | ૨૦૦ ગુણ | |

સામાન્ય અભ્યાસનો અભ્યાસક્રમ આયોગે નિયત કર્યા મુજબનો રહેશે.

૧. પ્રિલિમિનરી પરીક્ષા નું સ્તર (standard) સ્નાતક કક્ષાનું રહેશે અને પરીક્ષાનું માધ્યમ સામાન્ય રીતે ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

૨. પ્રિલિમિનરી પરીક્ષા એ માત્ર screening test છે. જેના ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

૩. પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામના આધારે મુખ્ય (લેખિત) પરીક્ષા માટે જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાઓના આશરે ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષામાં તદ્દન કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

**(બી) મુખ્ય પરીક્ષા (લેખિત) અને રૂબરુ મુલાકાત:**

**૧. મુખ્ય પરીક્ષા (લેખિત)** (Descriptive type) **:**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા (Qualifying Only) | ૩૦૦ ગુણ (૨૫% ગુણ જરૂરી) | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી ભાષા (Qualifying Only) | ૩૦૦ ગુણ (૨૫% ગુણ જરૂરી) | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૩ | નિબંધ | ૨૫૦ ગુણ | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૪ | સામાન્ય અભ્યાસ-૧ | ૨૫૦ ગુણ | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૫ | સામાન્ય અભ્યાસ-૨ | ૨૫૦ ગુણ | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૬ | સામાન્ય અભ્યાસ-૩ | ૨૫૦ ગુણ | ૩ કલાક |
| પ્રશ્નપત્ર-૭ | સામાન્ય અભ્યાસ-૪ | ૨૫૦ ગુણ | ૩ કલાક |
| | (પ્રશ્નપત્ર-૩ થી ૭) કુલ | ૧૨૫૦ ગુણ | |

નોંધ:

૧. ગુજરાતીના પ્રશ્નપત્રનું સ્તર (standard) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાતી વિષય (ઉચ્ચ કક્ષા) જેટલું રહેશે.

૨.અંગ્રેજીના પ્રશ્નપત્રનું સ્તર (standard) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અંગ્રેજી વિષય (નિમ્ન કક્ષા) જેટલું રહેશે.

૩. મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર–૧ નું માધ્યમ માત્ર ગુજરાતી અને પ્રશ્નપત્ર–૨ નું માધ્યમ માત્ર અંગ્રેજી રહેશે **જે માત્ર Qualifying** પરીક્ષા ગણાશે, **આ બન્ને પ્રશ્નપત્રોમા લઘુત્તમ ૨૫% ગુણ મેળવવા ફરજિયાત છે, જે ન મેળવનાર ઉમેદવારો આગળની પ્રક્રિયા માટે ધ્યાને લેવામા આવશે નહી.**

ધ્યાને લેવામા આવશે.

**૫. પરીક્ષા નિયમોના નિયમ-૬ મુજબ પ્રાથમિક કસોટી તથા મુખ્ય લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી નિયત થયેલ છે. આ નિયમ મુજબ મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ નુ માધ્યમ ગુજરાતી તથા પ્રશ્નપત્ર-૨ નું માધ્યમ અંગ્રેજી રહેશે. પ્રશ્નપત્ર-૦૩ થી પ્રશ્નપત્ર-૦૭ (નિબંધ અને સામાન્ય અભ્યાસ ૧,૨,૩,૪) માટે મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરતી વખતે ઉમેદવારે કયું પ્રશ્નપત્ર કઈ ભાષામાં તેઓ લખવા ઈચ્છે છે તે અંગે પસંદગી આપવાની રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આયોગે નિયત કર્યા મુજબનો રહેશે.**

૬.ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના તમામ પ્રશ્ન પત્રોમા હાજર રહેવું ફરજિયાત છે.એક પણ પ્રશ્ન પત્રમા ગેરહાજર રહેનાર ઉમેદવાર અપાત્ર ઠરશે.

**૭. મુખ્ય પરીક્ષા બાદ આયોગ દ્વારા મુખ્ય પરીક્ષાના Qualifying ગુણના આધારે અરજી ચકાસણી પાત્ર ઉમેદવારોની યાદી બહાર પાડવામા આવશે.આ યાદી આયોગ દ્વારા પરીક્ષા નિયમોના નિયમ {schedule-II (section-I (B)} ને આધિન બહાર પાડવામા આવશે.**

**અરજી ચકાસણી બાદ અપાત્ર ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરી રજૂઆત માટે જરૂરી સમયગાળો આપવામા આવશે. આયોગ દ્વારા તમામ જરૂરી પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારો આગળની ભરતી પ્રક્રિયા માટે ધ્યાને લેવામા આવશે.**

**૨. રૂબરૂ મુલાકાત : 150 Marks**

આયોગ દ્વારા અરજી ચકાસણી બાદ પાત્ર થયેલ તથા મુખ્ય લેખિત પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર ઉમેદવારો પૈકી જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. રૂબરુ મુલાકાતમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે.

ઉક્ત જગ્યાના પરીક્ષા નિયમોમાં જો કોઈ અન્યથા જોગવાઈ ન કરવામા આવી હોય, તો પરીક્ષા લેવાની પદ્ધતિ બાબતે આયોગનો નિર્ણય આખરી રહેશે.

**૧૪. અભ્યાસક્રમ :**

પ્રિલિમિનરી પરીક્ષા (objective type) નો અભ્યાસક્રમ (syllabus) આયોગની વેબસાઈટ http://gpsc.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે.

**૧૫. જગ્યા / સેવાની પસંદગીનો ક્રમ (Preference) :**

**(૧)** રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે ફક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા /સેવા માટે જ આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં દરેક જગ્યા /સેવા સામે પોતાની પસંદગી અનુસાર અયોગ નક્કી કરે તે પધ્ધતિથી પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે. ઉમેદવાર જે જગ્યા /સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા – વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

**(૨)** ઉમેદવારોએ જણાવેલી જગ્યાઓ માટેની પસંદગીથી તે જગાઓ ઉપર નિમણૂકનો કોઈ હક્ક મળતો નથી. ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પસંદગી વિચારણામાં લેવામાં આવશે.

**(૩)** જે ઉમેદવારે એક પણ જગ્યા/સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફક્ત અમુક જ જગ્યા/સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હશે તો તેઓને પસંદગી ન દર્શાવેલ હોય તેવી જગ્યા પર નિમણૂંક મળવાપાત્ર રહેશે નહીં તથા ત્યારબાદ મેરીટમા આવતા ઉમેદવારોને પસંદગી માટે ધ્યાનમા લેવામા આવશે.

**"જે ઉમેદવારો મેરીટમા આવતા હશે પરંતુ જગ્યા/સેવા માટે પસંદગી ન આપવાના કારણે આખરી પસંદગી નહીં પામે તેવા ઉમેદવારો માટે આયોગ દ્વારા "Deemed Unsuccessful" ઉમેદવારોની યાદી બહાર પાડવામા આવશે તથા તેઓના નામની ભલામણ કરવામા આવશે નહી. આ ઉમેદવારોનો નિમણૂંક માટે કોઈ હક દાવો રહેશે નહીં. "**

(૫) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે.

**(૬) ઉમેદવારને કોઈ ચોક્કસ સંવર્ગ પર નિમણૂક આપવામાં આવી હોય, ત્યાર બાદ તેઓ દ્વારા સરકારશ્રીના અન્ય સંવર્ગ પર નિમણૂંક બદલવા માટેની કોઈ વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.**

**(૭)** રૂબરૂ મુલાકાતના દિવસે સરકારી તબીબી અધિકારી દ્વારા શારીરિક માપ લેવામાં આવશે.

**(૮)** નાયબ પોલીસ અધીક્ષક, વર્ગ-૧ની જગ્યા માટે જે શારીરિક માપના ધોરણો નક્કી કરવામાં આવેલ છે તે ધોરણો તબીબી પરીક્ષણ બાદ સંતોષતા હશે તેવા જ ઉમેદવારોને મેરીટ ધ્યાને લઈ સદર જગ્યા માટે ધ્યાને લેવામાં આવશે.

## ૧૬. પરિણામ :

**(૧)** આખરી પરિણામ આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે સરકારશ્રીને મોકલવામાં આવશે.

**(૨)** આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.

**(૩)** આ પરિણામમાં **Deemed Unsuccessful** અને અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ દર્શાવવામાં આવશે.

**(૪)** ઉક્ત જાહેરાત અન્વયે કોઇ પ્રતિક્ષાયાદી રહેશે નહી. ઉમેદવાર હાજર ન થાય/નિમણૂક ન સ્વિકારે તેવા કિસ્સામાં ખાલી રહેતી જગ્યાઓ આ ભરતી પ્રસંગ પછીના ભરતી પ્રસંગથી ભરવામાં આવશે.

## ૧૭. ગુણપત્રક (Marksheet) :

**(૧)** મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી અથવા આયોગ નક્કી કરે તે રીતે ફી ભરી આયોગને અરજી કરવાની રહેશે.

**(૨)** આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક, પોતાનું સરનામું બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે.

**(૩)** ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.

## ૧૮. ગુણની પુન: ચકાસણી :

**(૧)** જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ૧૫ દિવસની અંદર દરેક પેપર દીઠ અલગ અલગ અરજી કરી શકશે.

**(૨)** ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.

**(૩)** ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર અથવા અયોગ અન્ય જે રીતે નિયત કરે તે મુજબ સ્વીકારવામાં આવશે.

**(૪)** ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ. મોકલવાનો રહેશે.

**(૫)** ઉત્તરવહીઓનું પુન: મૂલ્યાંકન (Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ.

**(૬)** ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

(૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારશ્રીને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

(૩) નિમણૂક પામેલ ઉમેદવારે સરકારશ્રીના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે. નિમણૂક પામેલ ઉમેદવારે તાલીમમાં જતા પહેલા સરકાર નિયત કરે તેટલી રકમ અને સમય માટે security and surety bond આપવાના રહેશે.

(૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**૨૦. અજમાયશી સમય :**

(૧) નિમણૂક બાદ પસંદ થયેલા ઉમેદવારને બે વર્ષની મુદત સુધી અજમાયશ (probation) ઉપર રાખવામાં આવશે.

(૨) અજમાયશી સમય, સરકારશ્રીએ આ માટે નક્કી કરેલા નિયમોનુસાર વધારી શકાશે.

(૩) નિમણૂક બાદ ઉમેદવારે નિયમો મુજબ હિન્દી ભાષાની પરીક્ષા તથા સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવે તેવી પૂર્વ સેવા તાલીમ, ખાતાકીય પરીક્ષાઓ પાસ કરવાની રહેશે.

(૪) જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા ઉમેદવારે સરકારે નિયત કરેલા નિયમો અનુસાર ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) પરીક્ષાઓમાં નાપાસ થવાના પરિણામે ઈજાફો અટકાવવામાં કે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૬) પસંદ થયેલા ઉમેદવારોએ નિમણૂક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવાનું રહેશે અને સંબંધિત જગ્યાની નિયત થયેલ ફરજો નિભાવવાની રહેશે.

**૨૧. પરીક્ષામાં પ્રવેશ :**

(૧) જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

**(૨) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેવા ઉમેદવારોએ આયોગ દ્વારા સુચના આપવામાં આવે તે મુજબ મુખ્ય (લેખિત) પરીક્ષા માટે ફરીથી ઓનલાઇન ફોર્મ ભરી, નિયત થયેલ ફી ભરી જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

(૩) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને જ રૂબરુ મુલાકાત માટે લાયક ઉમેદવાર ગણવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**૨૨. પરીક્ષા કેન્દ્રોની વિગત :**

(૧) પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઇને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા અમદાવાદ / ગાંધીનગર ખાતે તથા મૌખિક કસોટી ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. જેમાં પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આપવામાં આવેલ હશે.

ગાંધીનગર અને ગાંધીનગરથી રહેઠાણના સ્થળે પરત જવા માટે બીજા વર્ગનું રેલ્વે ભાડું અથવા અગર એસ.ટી. ભાડું સરકારના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે.

## ૨૩. પગાર ધોરણ :

**(૧)** **વર્ગ-૧ :** પે મેટ્રીક્ષ લેવલ નંબર–૧૦ – રૂ.૫૬,૧૦૦–૧,૭૭,૫૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ.
**વર્ગ-૨ :** પે મેટ્રીક્ષ લેવલ નંબર–૮–રૂ.૪૪,૯૦૦–૧,૪૨,૪૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ.

**(૨)** અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યાઓમાં ઈજાફો આપવામાં આવશે નહિ.

**(૩)** ફરજો : સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવે તે કામગીરી.

## ૨૪. કોમ્પ્યુટરનું જ્ઞાન :

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ.

## ૨૫. ગેરલાયક ઉમેદવાર :-

**(૧)** ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૨૬. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-

### ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૦૨/૦૪/૨૦૨૬ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૧૬/૦૪/૨૦૨૬ (રાત્રિના ૧૧:૫૯:૦૦ કલાક) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**
GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને જ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME

Format માં સૌ પ્રથમ “Personal Details (ઉમેદવારની માહિતી)” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) “Personal Details” (ઉમેદવારની માહિતી)” માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે “NOT APPLICABLE” અથવા “NA” અથવા “NO SURNAME” એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ–મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” ભરાયા બાદ “Other Details” (અન્ય વિગતો)”માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ–બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) “Other Details (અન્ય વિગતો)” ભરાયા બાદ “Language Details (ભાષાની માહિતી)” માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) “Language Details (ભાષાની માહિતી)” ભરાયા બાદ “Upload Photograph (ફોટો અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) “Choose File” Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને “Open” Button ને click કરો. હવે “Choose File” Button ની નીચે “Upload “ Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) “Upload Photograph (ફોટો અપલોડ કરો)” ભરાયા બાદ “Upload Signature (સહી અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા–ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) “Upload Signature (સહી અપલોડ કરો)” ભરાયા બાદ “Education Details (શૈક્ષણિક લાયકાત)” માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જો શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં “શુન્ય” ભરવાની રહેશે. જો શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં “NA” Select કરવાનું રહેશે.

(૯) “Education Details (શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)” માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જો શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં “શુન્ય” ભરવાની રહેશે. જો શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં “NA” Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Experience Details (અનુભવની માહિતી)” માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી. “Add Experience” પર ક્લિક કરીને અલગ અલગ ROW માં મેળવેલ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો અલગ–અલગ ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) “Experience Details (અનુભવની માહિતી)” ભરાયા બાદ “Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે “Assurance/ Self-Declaration (બાહેંધરી)” તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

**(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.**

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ–મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ–મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

નોંધ:– One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

**અરજી ફી ભરવાની પધ્ધતિ:**

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/– આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા.૧૭/૦૪/૨૦૨૬ સુધીમાં જે તે પોસ્ટ ઓફિસના કચેરી સમય સુધી ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી https://gpsc-ojas.gujarat.gov.in પર તા.૧૭/૦૪/૨૦૨૬ના રોજ રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી ભરી શકાશે. ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/– રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફૂમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS"

હોય અથવા વેબસાઈટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો, દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી કોઇપણ સંજોગોમાં ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

**<u>૨૭. અગત્યની સૂચના</u> :**

**(૧)** ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર, સ્માર્ટ વોચ અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે.

**(૨)** ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ.

**(૩)** બેંચમાર્ક દિવ્યાંગતા ધરાવતા લહિયા મળવાપાત્ર હોય તેવા ઉમેદવારે લહિયાની શૈક્ષણિક લાયકાત સ્નાતકની પરીક્ષા પાસ કરેલ ન હોવી જોઈએ તે ધ્યાને લેવાનું રહેશે.

**(૪)** બેંચમાર્ક દિવ્યાંગતા ધરાવતા લહિયા મળવાપાત્ર હોય તેવા દિવ્યાંગ ઉમેદાવારોએ લહિયાની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૬) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

**<u>૨૮. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )</u>**

**(૧)** અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

**(૨)** અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

**(૩)** અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

**(૪)** અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

**(૫)** અનામત કક્ષાના તથા દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

**(૬)** માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

**(૯)** તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/DENTAL COUNCIL/ CCIM/ CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૨૯. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ / બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

**(૧)** તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા
**(૨)** નામ બદલીને પરીક્ષા આપવી,
**(૩)** કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,
**(૪)** બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડાકરેલ હોય,
**(૫)** અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
**(૬)** તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,
**(૭)** કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,
**(૮)** ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ  બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
**(૯)** પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી,પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય  ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,
**(૧૦)** આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
**(૧૧)** ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં  લઇ શકાશે.

**(૧૨)** ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને લાગુ પડતા નિયમોને આધિન

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને
(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

- **ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, દિવ્યાંગ ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**
- **ઉપરોક્ત દર્શાવેલ જગ્યાની સંખ્યામાં ફેરફાર કરવાનો આયોગને અબાધિત અધિકાર રહેશે.**

**નોંધ- ૧:** ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ની જગ્યાના ભરતી પરીક્ષા નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ઠ–'૪' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯–૨૩૨૫૮૯૭૯ ઉપરથી મળી શકશે.

**નોંધ-૨: અરજી કરતાં પહેલાં ઉમેદવારે જાહેરાતની સાથે સામેલ *જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ* પૈકી લાગુ પડતી સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

(કે.એચ.પાઠક)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તારીખ–૦૨/૦૪/૨૦૨૬

Advertisement No.:05/2026-27: Online applications are invited for the selection of candidates for the following 71 posts of Gujarat Administrative Service Class-1, Gujarat Civil Service Class-1 and Class-2 and Gujarat Municipal Chief Officer Service Class-2. For this, the candidate will have to log in to http://gpsc-ojas.gujarat.gov.in from 02/04/2026 (13-00 hrs) to 16/04/2026 (23-59 hrs). A joint competitive examination will be held for the selection process.

The candidate will have to apply online only after reading the complete details of the advertisement on the website of the Commission.

Consent and Consent Deposit will have to be given compulsorily to appear in the preliminary test. Detailed information regarding this will be published later.

- Preliminary examination will be held on 07/06/2026.
- The main (written) examination will probably be held on 5 to 10 October 2025.

| Sr. No | Name of Post | Total Posts | Category wise Posts | | | | | Category wise posts reserved for Women Out of Category wise Posts | | | | | Post reserved for Physically Disabled and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen. | E.W.S. | S.& E.B.C. | S.C. | S.T. | Gen. | E.W.S. | S.& E.B.C. | S.C. | S.T. | Phy. Dis. | Ex-Ser. |
| **Class-I** | | | | | | | | | | | | | | |
| 1 | Gujarat Administrative Service, Junior scale | 05 | 03 | 02 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 2 | Deputy Superintendent of police | 08 | 03 | 01 | 03 | 00 | 01 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |
| **Total** | | **13** | **06** | **03** | **03** | **01** | **01** | **02** | **00** | **01** | **00** | **00** | **00** | **00** |
| **Class-II** | | | | | | | | | | | | | | |
| 3 | Government labour officer | 13 | 04 | 01 | 04 | 02 | 02 | 01 | 00 | 01 | 01 | 01 | 00 | 00 |
| 4 | Assistant District Registrar (Cooperative Societies) | 07 | 04 | 00 | 02 | 00 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 5 | Supritendent of Prohibition and Excise | 11 | 04 | 01 | 03 | 01 | 02 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |
| 6 | Social Welfare Officer (Develogpin Castes) | 11 | 06 | 01 | 03 | 01 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 01 | 00 |
| 7 | Assistant Director, Food & Civil Supply | 06 | 03 | 00 | 01 | 01 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 8 | Assistant Director of Information (Administrative) | 04 | 00 | 01 | 02 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 9 | Chief Officer | 06 | 03 | 01 | 01 | 00 | 01 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| **Total** | | **58** | **24** | **05** | **16** | **05** | **8** | **6** | **01** | **03** | **01** | **01** | **01** | **00** |

**Note: -** If eligible candidates are not available on the existing reserved posts for the divyang, such posts will be filled as per the existing rules. The candidates who are selected on the reserved posts for the disabled will be considered against the category (Unreserved/SC/ST/SEBC/EWS) to which they belong.

- Candidates with disabilities as mentioned against the posts will be eligible to apply for the posts mentioned in above Table (As per the Disability Resolution of the concern posts)

| **Sr. No.** | **Name of Post** | **(1) Blindness/ low vision** | **(2) Deaf and hard of hearing** | **(3) Locomotor disability including cerebral palsy, leprosy cured, dwarfism, acid attack victims and muscular dystrophy** | **(4) Autism, intellectual disability, specific learning disability and mental illness (5) multiple disabilities from amongst persons under clauses (1) to (4) {a to d} including deaf-blindness,** |
|---|---|---|---|---|---|
| 1 | Gujarat Administrative Service, Junior scale | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, OL, OAL, BL, BA, CP, LC, AAV, Dw, SD, SI | SLD, ASD (M), ID, MI, MD |
| 2 | Deputy Superintendent of police | - | - | - | - |
| 3 | Government labour officer | LV (40-70 %) | HH (40-70 %) | OA, OL, OAL, BA, BL, CP, LC, AAV, Dw, SD, SI | SLD, MI (40-70%), MD (40-70%) |
| 4 | Assistant District Registrar (Cooperative Societies) | B, LV (40-70 %) | D, HH (40-70 %) | OA, OL, BL, BA, OAL, LC, CP, Dw, AAV, SD, SI | SLD, ASD (M), MI, MD, ID |
| 5 | Supritendent of Prohibition and Excise | - | HH (40-70 %) | AAV | SLD |
| 6 | Social Welfare Officer (Developgpin Castes) | B, LV (40-70 %) | HH (40-70 %) | OA, BA, OL, LC, CP, Dw, AAV, SD, SI | SLD, MI (40-70%), MD (40-70%) |
| 7 | Assistant Director, Food & Civil Supply | B, LV | HH (40-70 %) | OA, OL, OAL, BL, BA*, BLOA, CP, Dw, LC, AAV, MDy, SI, SD | SLD, MD |
| 8 | Assistant Director of Information (Administrative) | B, LV (40-70 %) | D, HH (40-70%) | OA, OL, OAL, BL, BA, CP, LC, AAV, Dw, MDy, SD, SI | MI, MD |
| 9 | Chief Officer | LV (40-70 %) | -- | OA, OL, Dw, LC, AAV, BA, BL, SD, SI | SLD, MD (40-70%) |

B=Blind, LV=Low Vision, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL/OLA =One Arm & One Leg, BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack Victims, SLD- Specific Learning Disability, MI- Mental illness, MD- Multiple Disabilities, MDy-Muscular Dystrophy, ASD- Autism spectrum disorder, D-Deaf, BA-both arm, SD-Spine Deformity, SI- Spine Injury, ID-Intellectual Disability, (M-Mild, Mod-Moderate).

**The above mentioned type of disability is prescribed subject to the relevant resolution.**

Certificate" prescribed as per Chapter-VII (Certificate of Disability) of The Rights of Persons With Disabilities Rules, 2017 published by the Government of India dated 15/06/2017 (Form-V, VI, VII) will be accepted and to obtain the present disability certificate, the applicant will have to apply as per (Form-IV) of Chapter-VII (Certificate of Disability). Therefore, now only this type of disability certificate will be accepted. For this circular, click on this link https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/PwD_Disability_Certificate_15122025c.pdf

If the copy of the certificate is not produced, it will not be accepted later and the benefit of disability reservation will not be available.

(3) Disabled Candidates have to show their Percentage of Disability in Personal Details in Online Application form.
(4) Candidates who will be selected on the posts reserved for Disabled will be considered in their respective category (General, SEBC, SC, ST, EWS).
(5) Only those with Benchmark Disabilities of 40% or more will be eligible for disability benefits as per General Administration Department's GR No: CRR-102000-GOI-7-G2 Dated 15-02-2001 and GR NO. CRR-1020017-122639-G.2 Dated 17/09/2021.
(6) Only candidates with disability of 40% or more will be eligible for the benefit of reservation for the disabled. A candidate desiring to avail the benefit of reservation for the disabled will have to indicate which of the disabilities he/she has

**Note: - For other instructions regarding Divyang candidates, the Gujarati advertisement should be taken into consideration.**

**Educational Qualification: -**

(1) A candidate shall hold a bachelor's degree of any University incorporated by an Act of the Parliament or State Legislature in India or other educational institution established by an Act of Parliament or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by Government as per the Recruitment Rules for the post.
(2) Candidates who have completed 20 years of age by the last date of receipt of application forms and have appeared or are about to appear in the last semester/year examination of the prescribed qualification but whose results have not been declared may apply for the Preliminary Examination, but they should have obtained the educational qualification mentioned in the advertisement by the last date of application for the Main Examination. Candidates who have been declared eligible by the Commission for the Main Examination are required to send proof of passing the Degree Examination along with the application form for the Main Examination.

(3) The candidate who has passed the final professional M.B.B.S. or any other Medical Examination but has not completed his internship at the time of submission of his application for the Main Examination and who is declared qualified by the Commission for appearing in the Main Examination may provisionally be allowed to appear in the Main Examination subject to the condition that such candidate shall submit along with his application a copy of the Certificate from the concerned authority of the University or Institution that he has passed the requisite final professional Medical Examination. Such candidate shall produce at the time of his Personality Test, original Degree Certificate or a certificate from the concerned competent authority of the University or Institution that he has completed all requirements (including completion of internship) for the award of the Degree.

**Pay Scale: -**

For Class-I: Pay Matrix Level No: 10- Rs.56,100-1,77,500 and other allowances (According to 7th Pay Commission)
For Class-II: Pay Matrix Level No: 8- Rs.44,900-1,42,400 and other allowances (According to 7th Pay Commission)

will be calculated as on the last date of receipt of application. Upper age limit shall be relaxed as below:

**Age relaxation:**

| | | |
|---|---|---|
| 1 | S.&E.B.C., E.W.S., S.C. & S.T. Male candidates of Gujarat origin only | 05 years (Maximum up to 45 years.) |
| 2 | S.&E.B.C., E.W.S., S.C. & S.T. Female candidates of Gujarat origin only | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 3 | Women candidates of unreserved Category | 05 years (Maximum up to 45 years.) |
| 4 | Physically disabled candidates | maximum up to 10 (ten) years (Maximum up to 45 years.) |
| 5 | Government Servant. | No relaxation in upper age will be available to Government Servant |

**Note: For the interpretation of the advertisement, the provisions of Recruitment Rules and Examination Rules of the posts shall be final.**

(K.H.PATHAK)
Joint Secretary
Gujarat Public Service Commission

## ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫)જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

**૫ શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત પરીક્ષા નિયમોના નિયમ ૧૩ તેમજ વિગતવાર જાહેરાતના મુદ્દા નં–૦૩ મુજબ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૬ અનુભવ:-**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા

(૪) ઉમેદવાર રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

**અગત્યની નોંધ:**

(૧) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર(NCLC)/ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના પ્રમાણપત્રો પ્રાથમિક કસોટી બાદ "અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની પ્રથમ યાદી" પ્રસિદ્ધ થાય ત્યારે આ પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમા ઈશ્યુ કરાયેલ હોવા જોઈશે તથા માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૨) સ્પર્ધાત્મક ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર(NCLC)/ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) ના પ્રમાણપત્રો મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ પ્રમાણપત્રો માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે અરજીપત્રક ભર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા **સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજી પત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.**

(૬) (ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા–પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા–પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા–પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/ ૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં. આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સૂધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા **સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.**

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

ઈસ્યુ કરાવેલ હોવા જોઈશે તેવા સ્પર્ધાત્મક પરીક્ષાની કિસ્સામાં મુખ્ય પરીક્ષાની અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે.

(૧૦) જો કોઈ અનામત વર્ગના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહી હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઈપણ પ્રકારની છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિનઅનામત કક્ષાના મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે તે ઉમેદવારને બિનઅનામત વર્ગનો ગણવામાં આવશે. પરંતુ કોઇ પણ ઉમેદવાર જો બિનઅનામત વર્ગમા અરજી કરશે તો ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે તેઓની કેટેગરી બદલી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

## ૮ **માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ–૧૦૮૫૩૪૩૩–ગ–૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે.

## ૯ **દિવ્યાંગ ઉમેદવારો :-**

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો

લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

છૂટછાટ મળશે.

(ઘ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંકઃ HFWD/MSME/e-file/7/2024/1833/A થી દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર અંગે ભારત સરકારના તા.૧૫/૦૬/૨૦૧૭થી પ્રસિદ્ધ કરવામાં આવેલ The Rights of Persons With Disabilities Rules, 2017 ના Chapter-VII(Certificate of Disability) અનુસાર નિયત કરવામાં આવેલ (Form-V, VI,VII) "દિવ્યાંગતા પ્રમાણપત્ર"ને માન્ય રાખવામાં આવશે અને પ્રસ્તુત દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે Chapter-VII(Certificate of Disability) ના (Form-IV) મુજબ અરજી કરવાની રહેશે. આથી, હવે આ પ્રકારનુ દિવ્યાંગતા પ્રમાણપત્ર જ માન્ય રાખવામાં આવશે. જે પરિપત્ર માટે આ લિંક પર ક્લિક કરો https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/PwD_Disability_Certificate_15122025c.pdf

જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ અને સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના

તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ(Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ(Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

**(અ) સીધી પસંદગીથી ભરતી**

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી**

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

**૧૭ રૂબરૂ મુલાકાતઃ-**

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઈ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

**૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન”ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં

(૭) ઉમેદવાર શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/ CCIM/ CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂદ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે

ઈજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઈઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઈપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા

આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઈપણ પરીક્ષા કે કોઈપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઈપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઈપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને તેને લાગુ પડતા નિયમો હેઠળ,

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ